ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ગરમી, લગ્નસરા અને વેકેશન વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી રાજકીય પક્ષોના સમીકરણો બગાડશે?

આણંદમાં આજે લોકશાહીના જંગ વચ્ચે 'ત્રિપલ' અડચણ !

મતદારોને મતદાન મથકે લાવવા ઉમેદવારો માટે મોટો પડકાર બનશે

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદ જિલ્લામાં 26મી એપ્રિલના રોજ મતદાન થનાર છે. કરમસદ - આણંદ મહાનગરપાલિકા , છ નગરપાલિકા, આણંદ જીલ્લા પંચાયત અને આઠ તાલુકા પંચાયત માટે મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, પરંતુ હાલમાં લગ્નોત્સવ, ગરમી અને વેકેશનની અડચણ મુશ્કેલી ઉભી કરી શકે તેવી શક્યતા છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વર્તમાન ચૂંટણીમાં રાજકીય પક્ષો અને ચૂંટણી તંત્ર માટે મતદારોને મતદાન મથક સુધી લાવવાનો મોટો પડકાર ઉભો થયો છે, કારણ કે આ વખતે ગરમી, વેકેશન અને લગ્નસરા જેવા ત્રણ મહત્વના પરિબળો મતદાન ટકાવારીને અસર કરી શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, મતદાનના દિવસે તાપમાન 40થી 42 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે. આકરા તાપમાનને કારણે ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને નાના બાળકો સાથે આવેલા પરિવારો માટે મતદાન મથક સુધી પહોંચવું મુશ્કેલ બની શકે છે. આ પરિસ્થિતિમાં તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા અને મતદારોમાં જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત ઊભી થઈ છે.

આ ઉપરાંત એપ્રિલના અંતિમ દિવસોમાં લગ્નસરા ચાલી રહી છે અને 26મી એપ્રિલ રવિવાર લગ્ન માટે શુભ મુહૂર્ત છે. જેથી ચુંટણી જાહેર થયા અગાઉ જ ઘણા બધા પરિવારોએ લગ્ન માટે આયોજન કરેલું છે. પરિણામે અનેક પરિવારો લગ્ન પ્રસંગોમાં વ્યસ્ત રહેવાની સંભાવના છે, જે મતદાનમાં ઘટાડાનું એક કારણ પણ બની શકે છે. તો વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પૂર્ણ થતા પરિવારો વેકેશન માણવા માટે બહારગામ જવાનું પસંદ કરે છે.

મતદાન વધારવા માટે સ્વયંભૂ પ્રયાસોની જરૂર ઉભી થશે. આમ, મતદાનના દિવસે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મતદાન ટકાવારી વધારવા માટે સ્વયંભૂ જાગૃતિ અભિયાન, સુવિધાઓમાં વધારો અને સમયસર આયોજન જરૂરી બન્યું છે.

મતદાન માટે તંત્ર અને ઉમેદવારો દ્વારા અપીલ કરાઇ

તમામ પડકારો વચ્ચે રાજકીય પક્ષો અને તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરાઈ રહી છે. ગરમી, સામાજિક પ્રસંગો કે વેકેશન હોવા છતાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના પર્વને સફળ બનાવવા માટે સમગ્ર જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ચુંટાયેલા પ્રતિનિધિઓ, રાજકીય પક્ષોના હોદ્દેદારો, સંનિષ્ઠ કાર્યકરો મતદાન વધુ પ્રમાણમાં થાય તે માટે સક્રિય થયા છે.



આણંદના 35 ગામના મતદારોને બેને બદલે માત્ર એક મતનો અધિકાર !

બોરસદ, આંકલાવ અને ખંભાતમાં એક પણ બેઠક બિનહરીફ નહી થતા તમામ ગામોના મતદારો બે મતનો અધિકાર

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારમાં બે મત આપવાનો અધિકાર છે. પણ સમગ્ર જિલ્લાના 25 જેટલા ગામના અંદાજે 1 લાખથી વધુ મતદારો બબ્બે મતને બદલે માત્ર એક જ મત આપી શકશે.

આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અંદાજે સાત લાખ કરતાં વધુ મતદાર છે ત્યાં અનોખી સ્થિતિ સર્જાઈ છે. આણંદ જિલ્લામાં 350 થી વધુ ગામો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં બે મત આપવાનો અધિકાર છે, જેમાં એક મત જિલ્લા પંચાયતના ઉમેદવારને અને એક મત તાલુકા પંચાયતના ઉમેદવારને આપવાનો છે, જોકે વર્તમાન ચૂંટણીમાં આણંદ જિલ્લાના 35થી વધુ ગામોના અંદાજે 1 લાખથી વધુ મતદારો એવા છે જેઓને બે મત આપવાનો અધિકાર હોવા છતાં માત્ર એક એક જ મત આપી શકશે.આ સ્થિતિ નિર્માણ થવાનું કારણ બિનહરીફ થયેલ જિલ્લા પંચાયત અને તાલુકાની બેઠકો છે. જોકે ચિખોદરા ગામમાં તાલુકા અને જિલ્લા પંચાયત બન્નેની બેઠક બિનહરીફ થઈ હોવાથી ગામ મતદાન પ્રક્રિયા જ યોજાશે નહીં. જેથી પવિત્ર મતદાન આપી શકશે નહીં.

આણંદ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો આણંદ તાલુકાની ચિખોદરા, ઉમરેઠ તાલુકાની રાસનોલ અને પેટલાદ તાલુકાની પાળજ બિનહરીફ થઇ છે. જેથી આ બેઠકો સાથે સંલગ્ન 14થી વધુ ગામોના મતદારો માત્ર તાલુકા પંચાયત બેઠકના ઉમેદવારો માટે મતદાન કરશે. જોકે ચિખોદરા જીલ્લા પંચાયત સાથે સંલગ્ન તાલુકા પંચાયત બેઠકો ચિખોદરા -1 અને ચિખોદરા -2 પણ બિનહરીફ થઇ છે. જેથી સમગ્ર ચિખોદરા ગામમાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર નથી. સમગ્ર જીલ્લામાં તાલુકા પંચાયતની 12 બેઠકો બિનહરીફ થઈ છે. જેમાં પેટલાદ તાલુકામાં સૌથી વધુ સાત તાલુકા પંચાયત બેઠક, બીજા ક્રમે આણંદ તાલુકા પંચાયતની ત્રણ બેઠકો, તારાપુર તાલુકામાં 2 બેઠક અને સોજિત્રા તાલુકાની એક બેઠક બિનહરીફ થઈ છે. જેથી આ ચાર તાલુકાની કુલ 12 બેઠક હેઠળના 21 ગામમાં એક એક મત મતદારો આપી શકશે. જોકે બોરસદ, આંકલાવ અને ખંભાતમાં એકપણ બેઠક બિનહરીફ નહી થતા અહીંના તમામ ગામોના મતદારો પોતાના બે મતના અધિકારનો ઉપયોગ કરી શકશે.

નોટાનો મત આપવાનો અધિકાર પણ ગુમાવ્યો

ચૂંટણી પંચ દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી મતદારોને નોટા મતનો પણ વિકલ્પ આપવામાં આવ્યો છે.અહીં મતદારને કોઇપણ ઉમેદવાર પસંદ ન હોય તો નોટાનું બટન દબાવી પોતાનો વિરોધ નોંધાવી શકે છે પરંતુ જ્યાં તાલુકા અને જિલ્લા પંચાયત બંને બિનહરીફ છે ત્યાં નોટાનો મત પણ આપી શકાશે નહીં.

ઉમરેઠમાં 108એમ્બ્યુલન્સમાંજપ્રસૂતિ કરાવી માતા-બાળકનો જીવ બચાવ્યો

ડાકોર 108ની ટીમની સમયસૂચકતાથી વણસોલના સીમ વિસ્તારમાં બેને નવજીવન મળ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.26

ઉમરેઠ તાલુકાના વણસોલ ગામે હાઈ બીપી અને અગાઉના સિઝેરિયન જેવા જોખમી કિસ્સામાં ડાકોર 108ની ટીમે અપ્રતિમ કુશળતા દર્શાવી છે. હોસ્પિટલ પહોંચવાનો સમય ન હોવાથી એમ્બ્યુલન્સમાં જ ડિલીવરી કરાવી ગળામાં નાળ વીંટળાયેલા નવજાત શિશુને નવજીવન આપ્યું હતું.

ઉમરેઠ તાલુકાના વણસોલ ગામના સીમ વિસ્તારમાં રહેતી એક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડતા પરિવાર દ્વારા 108 ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ખેડા જિલ્લાના ડાકોર લોકેશનની એમ્બ્યુલન્સના ઈએમટી ભરતભાઈ અને પાઈલોટ અરવિંદભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં.

પ્રાથમિક તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે મહિલાનું બીપી ઘણું વધારે હતું અને અગાઉની ડિલીવરી સિઝેરિયનથી થઈ હોવાથી કેસ અત્યંત જોખમી હતો. હોસ્પિટલ પહોંચે તેટલો સમય ન હોવાથી ઈએમટીએ હેડ ઓફિસના ડોક્ટર સાલુ મેડમ સાથે સંપર્ક કરી તેમના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવાનો નિર્ણય લીધો હતો.

સફળ પ્રસૂતિ બાદ જોવા મળ્યું હતું કે. નવજાત શિશુના ગળામાં નાળ વીંટળાયેલી હતી, જેને ઈએમટીએ પોતાની સૂઝબૂઝથી દૂર કરી બાળકનો જીવ બચાવ્યો હતો. હાલ માતા અને બાળક બંને સુરક્ષિત છે અને તેમને વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

દિવ્યાંગ યુવતી પર દુષ્કર્મ ગુજારનાર શખસ જેલહવાલે

અંબાવના શખ્સે યુવતીને ધમકાવી દૂષ્કર્મ આચરતા ગર્ભ રહ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.25

આંકલાવ તાલુકાના અંબાવ ગામે માનવતાને શર્મસાર કરતી ઘટના પ્રકાશમાં આવી છે. એક દિવ્યાંગ યુવતીની લાચારીનો ગેરલાભ ઉઠાવી તેને હવસનો શિકાર બનાવનાર આરોપીને પોલીસે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. આ નરાધમે યુવતીને ડરાવી-ધમકાવી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજારતા યુવતીને ચાર માસનો ગર્ભ રહી ગયો હતો, જેના કારણે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આંકલાવના અંબાવ ગામના રહેવાસી રાજેશ ઉર્ફે અજયભાઇ અરવિંદભાઇ પઢિયાર નામના શખ્સે આશરે સાડા ચાર માસ પૂર્વે આ ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું હતું. આ શખસે ખેતરમાં યુવતીની શારીરિક અક્ષમતાનો ફાયદો ઉઠાવી તેની પર બળજબરી કરી હતી. આ ઘટનાની જાણ પરિવારને થતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો અને આંકલાવ પોલીસે ગુનો નોંધી ગણતરીના સમયમાં જ રાજેશ ઉર્ફે અજય પઢિયારની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદની પ્રથમ મનપા સહિતની નગરપાલિકાઓ માટે રસાકસીભર્યું મતદાન

ખેડા જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના નવા પ્રમુખોની પ્રતિષ્ઠા દાવ પર!

ક્ષત્રિય-પાટીદારના આંતરપ્રવાહો વચ્ચે 14.80 લાખ મતદારો રાજકીય ભવિષ્ય લખશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને નડિયાદમાં પ્રથમ વખત મહાનગરપાલિકા તરીકે ચૂંટણી યોજાઈ રહી હોવાથી શહેરીજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નડિયાદ મનપા ઉપરાંત કણજરી, કઠલાલ, કપડવંજ, ઠાસરા, મહેમદાવાદ અને મહુધા નગરપાલિકામાં પણ રવિવારે લોકશાહીના પર્વની ઉજવણી થઈ રહી છે. સમગ્ર જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારો મળીને કુલ 14,80,981 મતદારો આજે 700થી વધુ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ કરશે.

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માત્ર ઉમેદવારો માટે જ નહીં, પરંતુ જિલ્લાના મુખ્ય રાજકીય પક્ષોના નવા વરાયેલા સુકાનીઓ માટે પણ 'લિટમસ ટેસ્ટ' સમાન છે. ભાજપના પ્રમુખ નયના પટેલ અને કોંગ્રેસના પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા માટે જિલ્લા પ્રમુખ બન્યા પછીની આ પ્રથમ મોટી કસોટી છે. પક્ષના સંગઠન પર તેમની પકડ અને મતદારોને આકર્ષવાની વ્યૂહરચના આ ચૂંટણીના પરિણામોથી સાબિત થશે, જે ભવિષ્યમાં તેમનું રાજકીય કદ પણ નક્કી કરશે. આ મતદાન બાદ તમામ ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવામાં આવશે, જેની સાથે જ ખેડા જિલ્લાના આગામી પાંચ વર્ષના વિકાસ અને રાજકીય નેતૃત્વની દિશા નક્કી થશે.

જ્ઞાતિવાદી સમીકરણોનો 'અંડર કરંટ'

ખેડા જિલ્લામાં આ વખતે માત્ર પક્ષો વચ્ચે જ નહીં, પણ જ્ઞાતિ આધારિત સમીકરણોની પણ મોટી અસર જોવા મળી રહી છે. ક્ષત્રિયોના ગઢ ગણાતા આ જિલ્લામાં ભાજપ દ્વારા લાંબા સમયથી પ્રમુખ પદ પર ક્ષત્રિયની પસંદગી કરવામાં ન આવતા આંતરિક રોષ હોવાની ચર્ચા છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, આ ચૂંટણીમાં ક્ષત્રિય વિરુદ્ધ પાટીદાર રાજકારણનો મુદ્દો 'અંડર કરંટ' તરીકે કામ કરી રહ્યો છે, જે પરિણામો પર મોટી અસર કરી શકે છે.

'કતલની રાતે' મતોના સોદાની ચર્ચા

મતદાનની આગલી રાત્રે મતદારોને રીઝવવા માટે સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવવામાં આવી હોવાનું સપાટી પર આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલીક બેઠકો પર એક મતના 200થી લઈ 2 હજાર રૂપિયા સુધીના ભાવ બોલાયા હતાં. આ ઉપરાંત, મતદારો માટે દારૂ અને ચવાણાની જ્યાફતો ઉડાવવાની સાથે લોભામણા વાયદાઓનો પણ મારો ચલાવવામાં આવ્યો હતો.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સુરક્ષા

ખેડા જિલ્લામાં મતદાન પ્રક્રિયાને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે વહીવટી તંત્ર સજ્જ છે. હજારો સરકારી કર્મચારીઓ અને પોલીસ જવાનો તૈનાત કરાયા છે. ખાસ કરીને સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મથકો પર માઈક્રો ઓબ્ઝર્વર અને વિશેષ પોલીસ ફોર્સ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

આંકડાકીય વિગત

કુલ મતદારો: 14,80,891 - **શહેરી મતદારો:** 2,83,586
કુલ ઉમેદવારો: 700થી વધુ (શહેરી વિસ્તારોમાં 309)
ચૂંટણી યોજાઈ રહી છે તે બેઠકો (શહેરી): 156 બેઠકો (41 વોર્ડ)

સોજીત્રા:દંપતીપરહુમલા કેસમાં બેને બે વર્ષની જેલ

ભોગ બનનારને ૩.10 હજારનું વળતર ચૂકવવા હુકમ કર્યો

(પ્રતિનિધિ) સોજીત્રા તા.25

સોજીત્રાના દેવા તળપદ ગામમાં 9મી એપ્રિલ, 2016ના રોજ સવારે પ્રભાતભાઈ ગોહેલ દૂધની ડેરીમાં દૂધ ભરાવીને ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે જૂની અદાવત રાખી આરોપી અમરસિંહ ઈશ્વરભાઈ ગોહેલ અને રાકેશ નટુભાઈ ગોહેલે લાકડીઓ વડે પ્રભાતભાઈ પર હુમલો કર્યો હતો. તેમને બચાવવા વચ્ચે પડેલા તેમના પત્ની રમીલાબેનને પણ નિર્દયતાથી માર મારી ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચાડી હતી.

આ કેસ સોજીત્રા કોર્ટમાં ચાલી જતાં, સરકારી વકીલ જે.એ. ભટ્ટ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. મેડિકલ પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખતા ન્યાયાધીશે IPC કલમ 325 મુજબ 2 વર્ષની કેદ અને દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, બંને આરોપીઓએ સંયુક્ત રીતે ફરિયાદીને રૂ. 10,000 વળતર પેટે ચૂકવવાના રહેશે, અને જો વળતર સમયસર જમા ન કરાવે તો વધુ એક માસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

મહેમદાવાદના અકલાચામાં મતદારો માટે મંગાવેલો વિદેશી દારૂ પકડાયો

શત્રુંડા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર સહિત 3 શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

મહેમદાવાદ પોલીસે અકલાચા શત્રુંડા રોડ પરથી આગામી પંચાયતની ચૂંટણીમાં મતદારોને પ્રભાવિત કરવા માટે મંગાવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ દારૂ શત્રુંડા તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવાર અને તેમના ટેકેદારોએ મંગાવ્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલતા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મહેમદાવાદમાં 26મી મેના રોજ યોજાનારી પંચાયતની ચૂંટણીને પગલે પોલીસ દ્વારા કરવામાં આવી રહેલા સઘન પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ચૂંટણીમાં ઉપયોગ કરવા માટે દારૂનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે અકલાચા શત્રુંડા રોડ પર વોચ ગોઠવીને એક મોટરસાયકલ અને એક્ટિવા સાથે ઉભેલા કલ્પેશ ડાભી, જયંતી પરમાર અને રસિક ગોહેલ નામના ત્રણ શખ્સોને કોર્ડન કરી લીધા હતા.

પોલીસે તલાશી લેતા તેમના વાહનોમાંથી 83 હજારની કિંમતની 365 નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ, બે વાહનો અને મોબાઈલ ફોન મળી કુલ 2.13 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ અંગે પકડાયેલા શખસોની પૂછપરછ કરતાં કબુલ્યું હતું કે, આ જથ્થો શત્રુંડા તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવાર અંકિત વનરાજભાઈ પટેલ, ભાર્ગવ પટેલ અને સબુર પરમારે મંગાવ્યો હતો.

પોલીસે આ મામલે ગુનો નોંધી 3 શખસની ધરપકડ કરી છે, જ્યારે પોલીસ કાર્યવાહીની ભનક લાગતા જ કોંગ્રેસ ઉમેદવાર અંકિત પટેલ સહિત 3 મુખ્ય સૂત્રધારો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. હાલ પોલીસે ફરાર આરોપીઓને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આણંદમાંઆજેમતદાન માટે સવેતન રજા જાહેર

નિયમ ભંગ કરનાર સામે થશે શિક્ષાત્મક કાર્યવાહી થશે

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદ જિલ્લામાં 26મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં શ્રમિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે શ્રમિકોને મતદાનના દિવસે 'સવેતન રજા' આપવાની જાહેરાત કરવામાં આવી છે.

આણંદના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના મદદનીશ નિયામકના જણાવ્યાનુસાર, કારખાના ધારા-1948 હેઠળ નોંધાયેલા ઔદ્યોગિક એકમો અને બાંધકામ ક્ષેત્ર હેઠળ નોંધાયેલી સંસ્થાઓએ લોકપ્રતિનિધિત્વ ધારા-1951ની કલમ 135 (બી) હેઠળ શ્રમિકોને પગાર સાથે રજા આપવાની રહેશે. આ રજા જાહેર કરવાને કારણે સંબંધિત શ્રમયોગીઓના પગારમાંથી કોઈ પણ પ્રકારનો કાપ મૂકી શકાશે નહીં. જે વ્યવસાયોમાં સતત પ્રક્રિયા ચાલુ રાખવી અનિવાર્ય હોય અથવા કામ બંધ રાખવાથી મોટું નુકસાન થવાની ભીતિ હોય, તેવા કિસ્સામાં શ્રમિકોને મતદાન માટે ઓછામાં ઓછી ત્રણ થી ચાર કલાકની સવેતન રજા આપવાની રહેશે.